૫૦૧ / ૪,૪૫૦

**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૨૦ જૂન, ૨૦૦૪)**

**(સમય : સવારે ૯ : ૦૦ થી ૧૦ : ૩૦)** **સત્સંગ પરિચય : પ્રશ્નપત્ર - ૧**

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો તે પ્રશ્નના જવાબના પાનાં નંબર દર્શાવે છે.** (કુલ ગુણ : ૭૫)

**વિભાગ-૧ : સહજાનંદ ચરિત્ર - દસમી આવૃત્તિ, જૂન ૨૦૦૦**

**પ્રશ્ન.૧. નીચેનાં વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** (૬ ગુણ)

૧. ''હવે ચિંતા ન કરશો, હું સેવામાં પાછળ જઈશ.'' ૮૧

૨. ''ખપ હોય તો દુઃખ જણાય નહિ ને ભગવાનનું ભજન થાય.'' ૪૭

૩. ''તમે બધા સાથે કેવી રીતે રહી શકો છો ?'' ૧૨૬

**પ્રશ્ન.૨. નીચે આપેલાં વાક્યો વિષે કારણ આપો. (ત્રણ થી ચાર લીટીમાં)** (૬ ગુણ)

૧. બધાને અવતાર અને અવતારીનો ભેદ સમજાઈ ગયો. ૧૧૫

૨. શ્રીજીમહારાજ કહે છે : ''મારે સૌને 'ચોખ્ખા' કરવા છે.'' ૭૫

૩. શ્રીજીમહારાજે સત્સંગમાંથી નીસરી જઈ વનમાં ચાલ્યા જવાનો વિચાર કર્યો. ૮૫

**પ્રશ્ન.૩. નીચેનામાંથી કોઈપણ બે વિષે મુદ્દાસર વિવરણ લખો. (બારેક લીટીમાં)** (૮ ગુણ)

૧. મીઠા વ્હાલા કેમ વિસરું ? ૧૫૫

૨. ગરીબનવાજ. ૮૫

૩. બાળહત્યા બંધ કરાવી. ૩૫

૪. સાધુધર્મ સમજાવ્યો. ૧૦૨

**પ્રશ્ન.૪. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.** (૪ ગુણ)

૧. શ્રીજીમહારાજ સમદર્શી શાથી કહેવાયા ? ૬૫

૨. મહારાજને કેવો ધર્મ પ્રવર્તાવવો હતો ? ૧૦૪

૩. ગુણાતીતાનંદ સ્વામીને જૂનાગઢ મંદિરના મહંત નીમીને મહારાજે શું આપ્યું ? ૧૪૦

૪. મહારાજે ભૂજ નગરમાં ક્યારે, ક્યા દેવની સ્થાપના કરી ? ૧૨૦

**પ્રશ્ન.૫. આપેલા વિકલ્પોમાંથી સાચા વિકલ્પો લખો.** (૪ ગુણ)

**નોંધ : એકથી વધારે (બે કે ત્રણ પણ) જવાબ સાચા હોઈ શકે. તમામ સાચા જવાબ જણાવ્યા હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. સતીપ્રથા અંગે મહારાજના વિચારો. ૧૫૦

(અ) સતી થવું એ આત્મહત્યા કરવા જેવું છે. (બ) સતી થનારમાં દૈવીશક્તિનો સંચાર થાય છે.

(ક) ધણી મરી જાય તો પરમેશ્વરને પતિભાવે સેવવા. (ડ) બાળહત્યા તો કરાય જ નહિ.

૨. જૂનાગઢમાં મૂર્તિપ્રતિષ્ઠા ૧૪૨

(અ) સંવત ૧૮૪૮ના વૈશાખ વદ બીજ (બ) સંવત ૧૮૮૪ના વૈશાખ વદ બીજ

(ક) બળદેવજી, રેવતીજી, રાધારમણ દેવ (ડ) સિદ્ધેશ્વર મહાદેવ, રાધારમણ દેવ

**પ્રશ્ન.૬. નીચેનાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો.** (૪ ગુણ)

૧. શ્રીજીમહારાજ ........................... તોડી તો દુઃખ આવ્યું. ૧૪૧

૨. અમદાવાદમાં અંગ્રેજ સત્તા સ્થપાતાં ........................... પ્રથમ કલેકટર તરીકે નીમાયા. ૯૪

૩. મહારાજે ........................... ના મોઢે વેદના મંત્રો બોલાવ્યા. ૫૦

૪. મહારાજનું ભાઈઓ સાથેનું મિલન ........................... માં થયું. ૧૦૬

(પાછળ જુઓ)

---

**પ્રતિ,**

**પરીક્ષા વ્યવસ્થાપક (તા. ૨૦ જૂન, ૨૦૦૪ પરીક્ષા : સત્સંગ પરિચય-૧ માધ્યમ : ગુજરાતી સમય : સવારે ૯ : ૦૦ થી ૧૦ : ૩૦)**

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

**૫૦૧**

પરીક્ષાર્થીની અટક :- પરીક્ષા આપી તે તારીખ :-

પરીક્ષાર્થીનું નામ :- પરીક્ષા આપી તે સમય :-

પિતા / પતિનું નામ :- બેઠક ક્રમાંક :-

પરીક્ષા સ્થળનું નામ :- કેન્દ્ર નંબર :-

પરીક્ષાર્થીની સહી :- કેન્દ્રનું નામ :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરી સ્લીપ કાપીને તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત વર્ગમાં હાજર રહેલા તમામ પરીક્ષાર્થીઓની હાજરીની સ્લીપો ભેગી કરીને તેની સંખ્યા પૂર્વ કસોટીના અહેવાલમાં લખીને સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય-અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે.**

## વિભાગ-૨ : સત્સંગ વાચનમાળા ભાગ - ૨ - સાતમી આવૃત્તિ, એપ્રિલ ૨૦૦૦

**પ્રશ્ન.૭. નીચેનાં વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** **(૬ ગુણ)**

૧. ''તારો ગરાસ આ બે બહેનોને લખી આપ.'' ૩૫

૨. ''દીનાનાથ, આપ અહીં ક્યાંથી ?'' ૧૩

૩. ''સો માથાં જાતાં કરીને પણ શાસ્ત્રીજી મહારાજનો પક્ષ રાખવો જોઈએ, એવા એ સાધુ છે.'' ૬૨

**પ્રશ્ન.૮. નીચે આપેલાં વાક્યો વિષે કારણ આપો. (ત્રણ થી ચાર લીટીમાં)** **(૪ ગુણ)**

૧. મૂળજી બ્રહ્મચારીએ સુથારણ બાઈનાં ઘી-ગોળ પાછાં મોકલ્યાં. ૨૨

૨. મહારાજે દિનમણિનો સ્વીકાર કર્યો. ૨

**પ્રશ્ન.૯. નીચેનામાંથી કોઈપણ <u>એક</u> વિષે મુદ્દાસર વિવરણ લખો. (પંદરેક લીટીમાં)** **(૫ ગુણ)**

૧. અયોધ્યાપ્રસાદજી મહારાજનો સંત/હરિભક્તો પ્રત્યેનો આત્મીયભાવ. ૨૯

૨. આજ્ઞાપાલનમાં તત્પર જાગાભક્ત. ૪૯

૩. બોલ્યા શ્રીહરિ રે..... પદનું હાર્દ લખો. ૧૭

**પ્રશ્ન.૧૦. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.** **(૪ ગુણ)**

૧. મૂળજી બ્રહ્મચારીનો જન્મ ક્યાં અને ક્યારે થયો હતો ? ૧૯

૨. ઉન્નડ ખાચરના દરબારમાં કોનો આશ્રમ હતો ? ૧૦

૩. મહારાજ કેટલાં વર્ષ દાદાના દરબારમાં રહ્યા ? ૩૯

૪. આચાર્ય મહારાજના લાડીલા કોણ હતા ? ૫૪

**પ્રશ્ન.૧૧. નીચે આપેલાં વાક્યોમાંથી વિષયને અનુરૂપ <u>પાંચ</u> સાચાં વાક્યોને શોધીને ફક્ત નંબર લખો.** **(૫ ગુણ)**

**ટૂંકનોંધઃ- રુહાની સંગીત (૧૩)**

**૧.** સ્વામિનારાયણના ફકીરને સાંભળ્યા પછી હું બીજા કોઈને સાંભળતો નથી. **૨.** ઉજ્જૈનના ગવૈયાઓ નવાબને સંગીત સંભળાવવા આવ્યા. **૩.** માણાવદરના નવાબે પ્રેમાનંદ સ્વામીને સાંભળ્યા. **૪.** હજુ પણ એમ થાય છે કે સાંભળ્યા જ કરીએ. **૫.** ભૈરવી રાગ ગાઓ. **૬.** શિયાળાની મોડી રાત્રિએ પ્રેમાનંદે સારંગીના સૂર છેડ્યા. **૭.** આવું રુહાની સંગીત ક્યાંય હોઈ શકે નહીં. **૮.** દ્રુપદ રાગ ગાઓ. **૯.** સ્વામીએ સૂર છેડ્યા અને પ્રકૃતિનો ભાવ બદલાઈ ગયો. **૧૦.** ગવૈયાઓ મહારાજ પાસે વરતાલ આવ્યા. **૧૧.** ગવૈયાઓ મહારાજ પાસે ગઢપુર આવ્યા.

**પ્રશ્ન.૧૨. નીચેનાં વાક્યો ખરાં છે કે ખોટાં તે જણાવી ખોટાં વાક્યો સુધારીને ફરીથી લખો.** **(૪ ગુણ)**

૧. આ પ્રેમાનંદ સ્વામી ઘોડીની વૃત્તિ ખેંચી રાખે છે. ૪૪

૨. 'ભક્ત ચિંતામણી' ગ્રંથનું સંપાદન કરવામાં નિત્યાનંદ સ્વામીનો ફાળો મુખ્ય હતો. ૭

૩. ગઢપુરનું મંદિર છોવરાવવાનું કામ મૂળજી બ્રહ્મચારીએ કર્યું હતું. ૨૫

૪. શાસ્ત્રીજી મહારાજ રાજકોટમાં જીવણરામ શાસ્ત્રી પાસે અભ્યાસ કરતા હતા. ૬૨

## વિભાગ-૩ : નિબંધ

**પ્રશ્ન.૧૩. નીચેનામાંથી કોઈપણ <u>એક</u> વિષય પર આશરે ૩૦ લીટીમાં નિબંધ લખો.** **(૧૫ ગુણ)**

૧. BAPS સંસ્થાની આરોગ્યસેવાઓ અને આત્મીયહૂંફ.

૨. સ્ત્રીઓના સાચા હિતચિંતક - સહજાનંદ સ્વામી.

૩. આહારશુદ્ધિ : હોટલના શાકાહારમાં ૯૦% માંસાહાર.

**નોંધ : ઉપરોક્ત જે નિબંધની યાદી છે તેમાંથી એક નિબંધ તથા તમામ પ્રશ્નોમાંથી ઓછા-વત્તા (થોડા-ઘણા) પ્રમાણમાં પ્રશ્નો તા. ૧૮ જુલાઈ, ૨૦૦૪ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે.**

❋ ❋ ❋